# <u>હોસ્ટેલ નોટિસ</u>

શૈક્ષણિક વર્ષ 2022-2023માં જે વિદ્યાર્થીઓને પ્રવર્તમાન નિયમોને આધિન હોસ્ટેલમાં રહેવું હોય તેઓએ હોસ્ટેલ ચાર્જ પેટે <u>રૂ. 2000/-</u> એડવાન્સ કોલેજ ઓફીસમાં જમા કરાવવાના રહેશે. સાથે ગયાવર્ષની હોસ્ટેલ ફીની તમામ રસીદ સાથે લાવવાની રહેશે. નિયત સમય મર્યાદા પછી હોસ્ટેલ પ્રવેશ અંગે તેમનો હક રહેશે નહીં અને ભરેલ એડવાન્સ ચાર્જની રકમ જપ્ત કરવામાં આવશે.

૨૪/૩/૨૨

## <u>હોસ્ટેલ નોટિસ</u>

આથી જુન્નારકર અને સી યુ હોસ્ટેલમાં રહેતા તમામ વિદ્યાર્થીઓને જણાવવાનુકે,.......

(1) તેમની થીયરી અને પ્રેક્ટિકલની યુનિવર્સિટીની વાર્ષિક પરીક્ષાઓ પુરી થાય પછી દિવસ બે ની અંદર હોસ્ટેલનો તેમનો રૂમ ખાલી કરી અને રૂમનો કબજો ફરજિયાત સોંપીને જવાનું રહેશે. કોઈપણ વિદ્યાર્થી જો તેમનો સમાન રૂમમાં રાખીને ઘરે જતાં રહેશેતો, તેમના સામાનની કોઇપણ જાતની જવાબદારી હોસ્ટેલ પ્રશાસનની રહેશે નહીં જેની ગંભીર નોંધ લેવી તેમજ જેટલા દિવસ રૂમ બંધ રહેશે તેટલા દિવસનો ચાર્જ પણ પેનલ્ટીરૂપે ભરવાનો રહેશે.

(2) જે વિદ્યાર્થીએ તેમના આગળના વર્ષ એટલેકે, એફ વાય બી એસસી વાળા વિદ્યાર્થીને એસ વાય, એસ વાય બી એસસી વાળા વિદ્યાર્થીને ટી વાય બી એસસીમાં પણ આપણી હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરવાનો હોય તેમણે પ્રવેશ માટે ફરજિયાતપણે નીચે પ્રમાણેની પદ્ધતિ અપનાવવાની રહેશે.

❖ <u>હોસ્ટેલમાં પુનઃ પ્રવેશ મેળવવા માટેની શરતો:</u>

(અ). જુના એટલે સિનિયર વિદ્યાર્થીઓને રૂમ બૂકિંગ માટે ફરજિયાત જુન્નારકર હોસ્ટેલનોજ વિકલ્પ આપવાનો રહેશે. જો તેમણે સી યુ હોસ્ટેલનો વિકલ્પ આપેલ હશે તો પણ તેમને જુન્નારકર હોસ્ટેલમાજ પ્રવેશ આપવામાં આવશે.

(બ) હોસ્ટેલમાં પુનઃ પ્રવેશ મેળવવા માટે, તેમણે નિયત કરેલું ફોર્મ ભરી જરૂરી દસ્તાવેજ સાથે ઓફિસમાં શ્રી અનિરુદ્ધભાઈ પાસે જમા કરાવવાનું રહેશે. ફોર્મ મંજૂર થયેથી, રૂા.૨૦૦૦/- (અંકે રૂપિયા બે હજાર પુરા) ભરવાના રહેશે. આ રકમ ભર્યા બાદ, પૈસા ભર્યાની રસીદની ઝેરોક્ષ નકલની પાછળની બાજુએ વિદ્યાર્થી પોતાનું નામ, મોબાઈલ નંબર તથા જુન્નારકર હોસ્ટેલમાં ક્યો રૂમ બૂક કરાવવા માંગો છો તે રૂમનો નંબર લખી અને હોસ્ટેલ રેકટરશ્રી પાસે જમા કરાવવાની રહેશે.

- હાલ જે વિદ્યાર્થી એસ. વાય. બી.એસસી.માં અભ્યાસ કરેછે અને તેમણે જો હોસ્ટેલમાં રહીને ટી. વાય. બી.એસસી.નો અભ્યાસ કરવાનો હોય તો, તેમણે ફોર્મ સાથે ભરેલી હોસ્ટેલ ફીની તમામ રસીદ (રૂપિયા ૩૯૦૦/-તથા રૂપિયા ૯૧૦૦/- = કુલ રૂપિયા ૧૩૦૦૦/-ની રસીદ) જોડવાની રહેશે,
- અને જે વિદ્યાર્થી એફ. વાય. બી.એસસી.માં અભ્યાસ કરેછે અને તેમણે જો હોસ્ટેલમાં રહીને એસ. વાય. બી.એસસી.નો અભ્યાસ કરવાનો હોય તો, તેમણે ફોર્મ સાથે ભરેલી હોસ્ટેલ ફીની રૂપિયા ૧૩૦૦૦=૦૦ની રસીદ જોડવાની રહેશે.

<u>જે ફોર્મ સાથે ઉપરોક્ત ડૉક્યુમેન્ટ્સ જોડેલ નહીં હોય તેમનું ફોર્મ રદ બાતલ કરવામાં આવશે. જે અંગે કોઈ પણ વાંધો કે તકરાર ધ્યાને લેવામાં આવશે નહિ જેની નોંધ લેવી.</u>

આચાર્યશ્રી/ રેકટરશ્રી